# મુદ્દા નં. ૩૫
# સોલવન્સી સર્ટીફીકેટ મેળવવા બાબત.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | જોગવાઈ | : | સરકારશ્રીનાં મ.વિ.નાં પરિપત્ર ક્રમાંક–એસએલસી–૩૯૭૭/અ. તા.૨૭–૭–૧૯૭૭. | |
| ૨ | અરજી કોને કરવી | : | મામલતદારશ્રીને, પરિશિષ્ટ–૧( અરજીનો નમુનો) | |
| ૩ | અરજી મંજુર કરવાના અધિકાર | : | મામલતદારશ્રી | |
| ૪ | નિકાલની સમય મર્યાદા | : | મામલતદારશ્રી | ૫ દિવસ |
| | | | તલાટી/ સ.ઓફિસર | ૫ દિવસ |
| | | | કુલ......... | ૧૦ દિવસ |

➢ **અરજદારશ્રીએ અરજીમાં સંપૂર્ણ વિગતો સ્પષ્ટ રીતે વાંચી શકાય તેવી રીતે ભરવાની રહેશે. તેમજ અરજી સાથે માંગ્યા મુજબના તમામ પુરાવાઓની પ્રમાણિત નકલ બીડવાની રહેશે. આ ઉપરાંત અરજી સાથે આપેલ ચેકલીસ્ટમાં તમામ મુદ્દાઓના જવાબ અવશ્ય આપવાના રહેશે. જો એક પણ વિગત અધુરી હશે કે પુરાવા રજુ કરેલ નહીં હોય તો અરજીપત્રક સ્વીકારવામાં આવશે નહીં.**

**અરજી સાથે નીચે મુજબના પુરાવાઓની પ્રમાણિત નકલો સામેલ કરવાના રહેશે.**

૧. અરજદારનો જવાબ (પરિશિષ્ટ–૨/૩૫ મુજબ)
૨. સોગંદનામું (પરિશિષ્ટ–૩/૩૫ મુજબ)
૩. સ્થળસ્થિતિ અંગેનું પંચનામુ (પરિશિષ્ટ–૪/૩૫ મુજબ)
૪. સંયુકત ધારણ કરતાં મિલ્કતના સંબંધમાં સંમતિપત્ર (પરિશિષ્ટ–૫/૩૫ મુજબ)
૫. જમીન હોય તો ગા.ન.નં. ૭/ ૧૨ ની અને ગા.ન.નં.–૬ની પ્રમાણિત નકલો.
૬. મકાન હોય તો આકારણી પત્રકની/સીટી સર્વેના પ્રોપર્ટીકાર્ડની પ્રમાણિત નકલ.
૭. મકાન ધરાવતા હોય તો સનદની નકલ રજુ કરવી.

કલેકટર કચેરી

બાર–કોડ સ્ટીકર
માટેની જગ્યા

## પરિશિષ્ટ:–૧/૩૫
## સોલ્વન્સી સર્ટીફીકેટ મેળવવાની અરજી.

તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો જીલ્લનાં ગેઝેટેડ અધિકારી દ્વારા એટેસ્ટેડ કરાવવો. (બે ફોટા)

કોર્ટ ફી સ્ટેમ્પ
રૂા. ૩/–

નામ :.................................
સરનામું :.................................
.................................
તારીખ :.................................

પ્રતિ,
મામલતદારશ્રી,
મામલતદારશ્રીની કચેરી,
તા..........................

**વિષય:– સોલવન્સી સર્ટીફીકેટ રૂા.................../– નું મેળવવા બાબત.**

અમો અરજદારની આપ સાહેબને નમ્ર અરજ છે કે, અમો જિલ્લાના...................... તાલુકાના.................................. ગામના નીચે જણાવ્યા મુજબની સ્વતંત્ર માલિકી/કબજા ભોગવટાની મિલ્કત ધરાવીએ છીએ. જેની સરકારી રેકર્ડમાં અમો અરજદારના નામે ચાલે છે.
મિલ્કતનું વર્ણન:–..........................................................................................................................................................................................................આ મિલ્કતની હાલની બજાર કિંમત રૂા..............................અંકે રૂપિયા.............................................. પુરા થાય છે. સદરહુ મિલ્કત ઉપર કોઈ સરકારી લેણું કે, કોઈ પણ પ્રકારનો બોજો નથી. તથા તેનું ટાઈટલ કલીયર છે.

આ મિલ્કત ઉપર અમારે ના.જ્યુડી. કોર્ટમાં રૂા.................................ના જામીન થવાનું છે. સદરહુ સર્ટીફીકેટ મળયા બાદ અમો જયાં સુધી જામીન તરીકે ચાલુ રહીશું ત્યાં સુધી અમો સદરહુ મિલ્કત વેચાણ કે બક્ષીસ કે ગીરો કે અન્ય કોઈ રીતે તબદીલ કરીશું નહીં જેની અમો ખાત્રી અને બાંહેધરી આપીએ છીએ.
સદરહુ સોલ્વન્સીની મારે ..........................................હેતુ સાં જર છે.

સ્થળ :
તારીખ :

....................................................
અરજદારનું નામ /સહી / અંગુઠાનું નિશાન

**–:એકરાર:–**

અમો અરજદાર અમારા ધર્મના સોગંદ ઉપર પ્રતિજ્ઞાપુર્વક એકરાર કરી આથી જણાવીએ છીએ કે, ઉપર અરજીમાં જણાવેલ તમામ વિગતો/હકીકત અમારી જાણ તેમજ માનવા મુજબ ખરી અને બરાબર છે. અને દર્શાવેલ બજારકિંમત મુજબની મિલ્કતનાં અમો માલિક છીએ અને કબજો ધરાવીએ છીએ અને તે કોઈપણ જાતનાં બોજા વગરના કાયદેસરના ખરા દસ્તાવેજ અત્રે રજુ કરેલા છે. જો અરજીમાં જણાવેલ હકીકત ખોટી જણાય કે અમોએ જાણી બુઝીને ખોટી હકીકત/વિગત રજૂ કરેલ હોવાનું ધ્યાને આવે તો ખોટા દસ્તાવેજો રજુ કરવા બદલ અમારી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી શકાશે. તેમજ ખોટી હકીકત રજુ કરવી તે ફોજદારી ગુન્હો બને છે. તે હકીકત અમો સારી રીતે જાણીએ છીએ.

સ્થળ :
તારીખ :

....................................................
અરજદારનું નામ/સહી/અંગુઠાનું નિશાન

| |
|---|
| અરજદારનો પાસપોર્ટ સાઈઝનો ફોટો |

## પરિશિષ્ટ:–૨/૩૫
## અરજદારનો રૂબરૂ જવાબ

હું નીચે સહી કરનાર શ્રી............................................................. ઉ.આ.વ........................
રહેવાસી..........................................................................................તા....................
જિલ્લો: ............જે આજરોજ રૂબરૂ હાજર થઈ પુછવાથી જવાબ લખાવું છું કે,
મેં સોલ્વન્સી સર્ટીફીકેટ મેળવવા અરજી કરેલ છે. મારા નામે..................... ગામે ખાતા નં. ......................... થી નીચે મુજબની જમીન/ મિલ્કત આવેલ છે.

| સ.નં./સી.સ.નં. ઘર નં. | ક્ષેત્રફળ એ.ગુ./ ચો.મી./ વિસ્તાર | આકાર |
|---|---|---|
| | | |
| | | |

આમ ઉપર મુજબની મારા નામે જમીન આવેલી છે. તેમજ સદરહુ જમીન/મિલ્કતની અંદાજે કિંમત આશરે રૂ..................................... અંકે રૂપિયા...................................................પુરા જેટલી થાય છે. તો મારે ફોજદારી કામે દારપણા દાખલાની રૂ.................................... જરૂર હોવાથી મને મારી સદરહુ જમીન પર દાખલો કાઢી આપવા મારો જવાબ છે. સદરહુ મિલ્કત મારી સ્વતંત્ર/સંયુકત માલિકીની છે. અને આજની તારીખે હું તેનો કબજો ભોગવટો ધરાવું છું. જેમાં કોઈનો લાગભાગ કે હક્ક હિસ્સો નથી. તેમજ આ જમીન મિલ્કત મેં કોઈપણ જગ્યાએ બક્ષીસ કે ગીરો કે કોઈપણ સરકારી લેણું કરેલ નથી. તેમજ અન્ય કોઈપણ પ્રકારે બેંક લોન કે એવા કોઈ જ તારણમાં મારી મિલ્કત આવતી નથી. તો ઉપર મુજબનો મારો જવાબ છે. જે સાચો અને ખરો છે. ખોટો જવાબ લખાવવો એ ફોજદારી ગુન્હો બને છે. તે બાબતે હું જાણું છું. જેમાં મેં વાંચી, વિચારી નીચે સહી/અંગુઠો કરેલ છે. જે બરાબર અને ખરો છે.

સ્થળ :
તારીખ :

....................................................
અરજદારનું નામ/સહી/અંગુઠાનું નિશાન

મારી રૂબરૂ

..............................................
તલાટી કમ મંત્રી સહી/નામ/સિક્કો

**નોંધ :– અરજદારનો ફોટો સંબંધિત જવાબ લેનાર અધિકારીએ અવશ્ય પ્રમાણિત કરી સહી કરવાની રહેશે.**

અરજદારનો
પાસપોર્ટ
સાઈઝનો
ફોટો

## પરિશિષ્ટ:–૩/૩૫
## સોલવન્સી સર્ટીફીકેટ મેળવવા બાબતે એફીડેવીટ

(રૂા. ૨૦ના સ્ટેમ્પ પેપર ઉપર)

માં નામ શ્રી..........................................................................................ઉ.આ.વ. .................
ધંધો......................................મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞાપુર્વક જણાવું છું કે,

અમો ઉપરોકત જણાવેલ સરનામે રહીએ છીએ.
અમો.................તાલુકાના મોજે:........................ગામના સર્વે/બ્લોક/સી.સ.નં.............................
ક્ષેત્રફળ................... વાળી મિલ્કત અમો એફીડેવીટ કરનારની માલિકીની અને કબજા ભોગવટાની આવેલી છે. સદરહું મિલ્કતની હાલની બજાર કિંમત રૂા...............અંકે રૂપિયા.............................. .......................પુરા ની છે. આ મિલ્કત ઉપર કોઈપણ જાતનો બોજો નથી કે કોઈપણ જાતની બેંક લોન લીધેલ નથી કે મારી મિલ્કત એવા કોઈ જ તારણમાં નથી. મિલ્કતનું ટાઈટલ કલીયર છે.

સદરહુ એફીડેવીટ અમારે ફોજદારી કેસમાં કોર્ટમાં જામીન થવા સારું સોલવંશી સર્ટીફીકેટ મેળવવા કરવાની જર પડેલ છે. સદરહુ મિલ્કત અમો જયાં સુધી જામીન તરીકે ચાલુ રહીશું ત્યાં સુધી બીજા કોઈનિ વેચાણ,ગીરો કે બક્ષીસ કે અન્ય રીતે ટ્રાન્સફર કરીશું નહી. ખોટી એફીડેવીટ કરવી તે ફોજદારી ગુન્હો બને છે. તે હીકકત અમો સારી રીતે જાણીએ છીએ.

સ્થળ :
તારીખ :

....................................................
અરજદારનું નામ/સહી/અંગુઠાનું નિશાન

મારી રૂબરૂ

..........................................

તલાટી કમ મંત્રી સહી/નામ/સિક્કો

# પરિશિષ્ટ:–૪/૩૫
# સોલવન્સી સર્ટીફીકેટ મેળવવા બાબતે પંચનામું

| અ.નં. | નામ | ઉ.વ. | ધંધો | રહેવાસી |
|---|---|---|---|---|
| ૧. | | | | |
| ૨. | | | | |

અમો ઉપર મુજબનો બંને પંચો આજરોજ તલાટી કમ મંત્રી/સર્કલ ઓફિસર.......................... ને રૂબરૂ હાજર થઈ પુછવાથી લખાવીએ છીએ કે,
અમો મોજે ........................ ગામના શ્રી......................................................ને છેલ્લા ......... વર્ષોથી ઓળખીએ છીએ. તેઓના નામે ગામ......................... ખાતા નં. ......................... થી નીચે મુજબની જમીન/મિલ્કત આવેલ છે.

| સ.નં./ બ્લોક નંબર | એ.ગુ./ ચો.મી./ક્ષિત્રફળ | આકાર |
|---|---|---|
| | | |

આમ ઉપરની જમીન તેઓના નામે ચાલે છે. તેમજ સદરહુ જમીન તેઓની માલિકીની છે. તેમજ ઉપરોકત જમીન/મિલ્કત કોઈપણ વાદવિવાદ કે તકરાર કે લીટીગેશન નથી કે તેનાં ઉપર કોઈ બોજો, લોન કે કોઈ તારણ નથી. આ જમીનની અમો પંચોના માનવા મુજબ અંદાજે રૂા. ...............અંકે રૂપિયા .............................. પુરા ની હાલની બજાર કિંમત ગણાય. જેથી અરજદારશ્રી......................................... ને આ જમીન ઉપર રૂા. ...............નું સોલ્વન્સી સર્ટીફીકેટ આપવા હરકત સરખું નથી. જેથી સદરહુ સર્ટીફીકેટ આપવા પંચોની ભલામણ છે.

ઉપર મુજબનું પંચનામું અમો પંચોના લખાવ્યા મુજબ બરાબર અને ખં છે. જે વાંચી સમજીને અમોએ નીચે સહીઓ કરેલ છે. ખોટો જવાબ લખાવવો તે ફોજદારી ગુન્હો બને છે. તે હકીકત અમો સારી રીતે જાણીએ છીએ.

સ્થળ : ૧.................................
તારીખ : ૨.................................

મારી રૂબરૂ

..........................................
તલાટી કમ મંત્રી સહી / નામ/ સિક્કો

ઉપર મુજબ પંચનામાની હકીકતો મેં રૂબરૂમાં જાતે સ્થળ તપાસ કરીને જાતે ચકાસણી કરેલ છે અને મિલ્કત સંબંધી તમામ દસ્તાવેજોની અધિકૃતતા તથા માલિકી હક્કની તમામ વિગતો જાતે તપાસેલ છે. અને બરાબર માલુમ પડેલ છે.

...............................................
સર્કલ ઓફિસર સહી/ નામ/ સિક્કો

## પરિશિષ્ટઃ-૫/૩૫
## સંયુકત ધારણ કરતા મિલ્કતના સંબંધમાં સંમતિપત્ર

અમો નીચે સહી કરનાર આથી જણાવીએ છીએ કે, મોજે............................ તાલુકો......................
જિલ્લો.................... ખાતે અમારા સંયુકત નામે નીચે મુજબ મિલ્કત આવેલ છે.

| સ.નં./ બ્લોક નં. /સી.સી.નં./ ઘર નં. | વિસ્તાર એ.ગુ./ ચો.મી. | આકાર |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

ઉપરની મિલ્કતની કુલ હાલની બજાર કિંમત આશરે રૂા........................................................... અંકે રૂા........................................................છે. સદરહુ મિલ્કત પર .....................................શ્રીએ રૂા............................ની કિંમતના સોલવંશી સર્ટીફીકેટ.....................ના હેતુ માટે રજુ કરવા માંગણી કરેલ છે. અમારી આ કાયદેસરની સંયુકત માલિકીની મિલ્કત / જમીન છે અને તેમાં અન્ય કોઈપણનો લાગભાગ કે હકકનો હિસ્સો નથી તેવું અમો જાહેર કરીએ છીએ. સદરહુ અમારી સંયુકત માલિકીની મિલ્કત આધારે જરીયાત મુજબનું સોલ્વન્સી_સર્ટીફીકેટ આપવા અમારી સંમતિ છે.

સ્થળ :
તારીખ :

..................................
..................................
..................................
..................................
તમામની સહી/ નામ/ સરનામું

## **ચેકલીસ્ટ** (મુદ્દા નં.૩૫)
## **સોલવન્સી સર્ટીફીકેટ મેળવવા બાબત.**

(અરજદારે અરજી સાથે રજુ કરવાનું રહેશે.)

| અ.નં. | વિગત | હા/ના/ લાગુ પડતું નથી | પાન નંબર |
|---|---|---|---|
| ૧ | અરજી પત્રક (પરિશિષ્ટ–૧/૩૫) | | |
| ૨ | નિયત કોર્ટ ફી સ્ટેમ્પ લગાવેલ છે ? | | |
| ૩ | અરજદારનો રૂબરૂ જવાબ (પરિશિષ્ટ–૨/૩૫) | | |
| ૪ | સોગંદનામુ (પરિશિષ્ટ–૩/૩૫) | | |
| ૫ | સ્થળસ્થિતિ અંગેનું પંચનામુ (પરિશિષ્ટ–૪/૩૫) | | |
| ૬ | સંયુકત ધારણ કરતાં મિલ્કતના સંબંધમાં સંમતિપત્ર (પરિશિષ્ટ–૫/૩૫) | | |
| ૭ | જમીનોની ગા.ન.નં.૭/૧૨ની અને ગા.ન.નં.–૬ની પ્રમાણિત નકલો | | |
| ૮ | મકાનની આકારણી પત્રકની/સીટી સર્વેના પ્રોપર્ટીકાર્ડની પ્રમાણિત નકલ. | | |
| ૯ | ગાંધીનગરમાં મકાન ધરાવતા હોય તો સનદની નકલ. | | |
| ૧૦ | બાર–કોડ સ્ટીકર લગાવેલ છે ? | | |

સ્થળ :
તારીખ :

.....................................
અરજદારની સહી/નામ

**ખાસ નોંધ :– ચેકલીસ્ટના કોલમ નં. ૩ માં "હા/ના અથવા લાગુ પડતુ નથી" તેમ સ્પષ્ટ દર્શાવવું તથા સામેલ કરેલ પુરાવા કયા પાન નંબર ઉપર છે તે પણ દર્શાવવું. આ પૈકીના એક પણ મુદ્દાની પુર્તતા બાકી રહશે તો અરજી પત્રક સ્વીકારવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.**

અરજી પત્રક સ્વીકાર્યુ

.........................................
જનસેવા કેન્દ્ર ફરજ પરના
કર્મચારીની સહી / નામ / સિક્કો / તારીખ